ગાંધીનગર સમાચાર
તા. ૫-૯-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

# ચર્ચાસ્પદ સ્ફોટક પત્ર ભારે ચિંતા ઉપજાવે છે....

ગુજરાત સરકારના સેવા વિલંબિત ઉચ્ચ અધિકારી અને બહુચર્ચિત ચાર એન્કાઉન્ટરના સહઆરોપી ડાહ્યુજી ગોબરજી વણઝારાએ જેલમાં બેઠા બેઠા લખેલો ૧૦ પાનાના સ્ફોટક પત્રે દેશભરમાં ચર્ચા જગાવી છે. પત્રમાં આક્રોશ છે, પત્રમાં ચિંતન પણ છે અને ભારોભાર વેદના છે. પત્રની ચર્ચા કરતાં ચિંતા વધુ છે. દેશના સમવાય તંત્રમાં પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે વહીવટી મર્યાદા જળવાવી જોઈએ અને એનો અહી સરેઆમ ભંગ થયો છે. પ્રજાસત્તાક દેશના સાતમા દાયકામાં આ ચિંતા ઉપજાવતી ઘટના છે. પત્રનો આક્રોશ સાચો છે. પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચેની મર્યાદા જળવાઈ નથી. આ પત્રથી ત્રણ બાબતો ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ઉપસી આવે છે.

અધિકારીઓએ પદાધિકારીઓની વાતનો અમલ કેટલી હદ સુધી કરવો જોઈએ તેનો બંધારણીય વિવેક જળવાવો જોઈએ. રાજનીતિક પદાધિકારીઓ અધિકારીઓને હાથો બનાવી રાજકીય રોટલી શેકવામાં પાવરધા હોય છે, એ પછી કોઈપણ રાજકીય પક્ષના આગેવાનો હોય...! તાલુકા પંચાયતથી પ્રધાનમંત્રી કાર્યાલય સુધી આ પરંપરા જળવાય છે. પરંતુ કેટલી હદ સુધી કેવી બાબતોમાં અને બંધારણીય વિવેક જાળવીને પદાધિકારીઓની સૂચનાનો અમલ અધિકારીઓએ કરવો એ ચિંતા કરવાનો સમય પાકી ગયો છે. સાથો સાથ અધિકારીઓએ પણ પદાધિકારીઓને વ્હાલાં થવા માટે મર્યાદા જાળવવી જોઈએ. બંધારણીય મર્યાદાઓની વચ્ચે તંત્રનો વહીવટ ચલાવવાનો હોય છે, અને જેના માટે સિગ્નેચર ઓથોરીટી ગણાતા અધિકારીઓએ કાળજીપૂર્વક નિર્ણયો કરવા જોઈએ.

ડી. જી. વણઝારાના પત્રથી ત્રીજી બાબત એ પણ સ્પષ્ટ થાય છે કે..., પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચેના વિશ્વાસની ભૂમિકા તૂટી રહી છે. બંધારણીય વહીવટી ગુપ્તતા પણ વહીવટની ગરીમા જાળવે છે. રાજકીય આગેવાનો કોઈપણ સલાહ સૂચન આપે, કોઈપણ નિર્ણયના અમલ માટે આદેશ કરે, પરંતુ અધિકારીઓએ પોતાના વિવેકથી નિર્ણયનો અમલ કરવાનો હોય છે. ગુજરાતમાં થયેલા એનકાઉન્ટરો સાચા છે કે ખોટા ? એ અદાલતના વિવેકાધીન છે. પરંતુ જેલમાં રહેલાં ૩૨ જેટલા પોલીસ અધિકારીઓની વેદના સાચ્ચે જ ચિંતા ઉપજાવે તેમ છે..! ડી. જી. વણઝારાના પત્રમાં પ્રયોજાયેલા એક - એક શબ્દ અનેક સંકેતો આપતા જાય છે. પત્રની ચર્ચા ભલે પોતપોતાની રીતે મૂલવાતી હોય, પરંતુ પત્રથી ગુજરાતના ગૌરવને એક ડાઘ પડ્યો છે. ગુજરાતના વહીવટીતંત્રની આભા જંખવાઈ છે.

રાજ્ય સરકાર સામે કરાયેલા આક્ષેપો સાચા હોય કે ખોટા હોય. પરંતુ સરકારનો એક વફાદાર સૈનિક રાજીનામાનાં પત્રમાં એ જ સરકાર સામે ખુલંખુલ્લા આક્રોશ ઠાલવે ત્યારે રાજ્ય સરકાર અને રાજ્યના વહીવટી તંત્ર માટે ગંભીર ચિંતાનો વિષય બની જાય છે. સમગ્ર દેશમાં છેલ્લાં ૩૬ કલાકથી સ્ફોટક પત્રની ચર્ચા ટોક ઑફ ધ નેશન બની છે. રાજકીય પક્ષો પોત-પોતાના ચશ્માથી આ સમગ્ર ઘટનાને નિહાળે છે. ટી.વી. સ્ક્રીન ઉપર પોતાના મંતવ્યોથી પ્રેક્ષકોને ઘૂંચવે છે. દેશવાસીઓ ભારે ધીરજપૂર્વક આ સમગ્ર ઘટનાને બારીકાઈથી મૂલ્યાંકન કરે છે. ચૂકાદો ભલે જાહેર ન કરે, પણ દરેક દેશવાસીના મનમાં રાજનીતિ ઉપર અને આજના વહીવટીતંત્ર ઉપરની શ્રદ્ધા ડગતી જાય છે અને એટલા જ માટે આ સ્ફોટક પત્રમાંથી જે પાઠ શિખવા જેવો છે તે વફાદારી અને બહાદુરી બંનેનો ઉપયોગ, સદઉપયોગ અને દુરઉપયોગ ક્યાં અને કેવી રીતે કોના માટે કરવો જોઈએ. આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય, કોંગ્રેસ હોય કે ભાજપ હોય, પહેરવેશ બદલાય છે, સૂત્રો બદલાય છે, મંચ બદલાય છે, મ્હોરા બદલાય છે. પરંતુ નીતિ-રીતિ તો સૌની એક જ છે. આજે કટોકટી છે વિશ્વાસની, કટોકટી છે વફાદારીની, કટોકટી છે રાજકીય ચારિત્ર્યની... આવા કપરા સંજોગોમાં સર્જાતી આવી ઘટનાઓ સૌ દેશવાસીઓ માટે માત્ર ચિંતાજનક નહીં પરંતુ ચિંતન માટે પ્રેરક બની રહી છે.

હવે, નવેસરથી આ વિષયમાં વિચારવાનો સમય પાકી ગયો છે. શાસન અને પ્રશાસન બંને વચ્ચેની પાતળી ભેદરેખા પારદર્શક બનાવવાનો સમય આવી ગયો છે. રાજકીય આગેવાનો પણ પોતાની મર્યાદામાં તંત્રનો ઉપયોગ કરે અને તંત્રના અધિકારીઓ પણ મર્યાદામાં રાજકીય પક્ષોની સૂચનોનો અમલ કરે. બંને પક્ષે મર્યાદા જળવાશે તો ભારતીય બંધારણની પવિત્રતા અને શ્રદ્ધા જળવાશે.

# અશ્વિનભાઈ કોમર્સ કોલેજના છ વિદ્યાર્થીઓ પ્રજાસત્તાક પરેડ માટે પસંદગી પામ્યા



ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે તા. ૩ સપ્ટેમ્બરના રોજ એન.એસ.એસ. રીજીનલ સેન્ટર દ્વારા સ્ટેટ લેવલની પસંદગી કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતની તમામ યુનિવર્સિટીના દરેક યુનિટમાંથી ૩૦૦ સ્વયંસેવકોએ આ પસંદગી સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાંથી શહેરની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના ૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના એન.એસ.એસ.ના સ્વયંસેવકોની પસંદગી સ્પર્ધામાં ગુજરાતભરમાંથી ૩૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. જેમાંથી ૫૨ જેટલા ગુજરાતના સ્વયંસેવક ભાઈ-બહેનોની પસંદગી કરવાની હતી. તેમાં શહેરની અશ્વિનભાઈ કોલેજના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. તેમાં મોરી રોશની, પટેલ કોમલ, પંચાલ ગાયત્રી, શાહ ઈશિતા, કુરેશી અઝહરૂદીન, પટેલ વિરૂ આ તમામ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ (પ્રી.આર.ડી.) કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન પ્રો. રણછોડ રથવીએ પુરૂ પાડ્યું હતું. વિદ્યાર્થીઓએ કોલેજ અને ગાંધીનગરનું ગૌરવ વધારતા પ્રિન્સિપાલ ડૉ. જે.જે. ભટ્ટે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

# પ્રેરણા વિદ્યાલય ખાતે કવિ નર્મદની જન્મ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલય ખાતે ગત તારીખ ૨૪ ઓગષ્ટના રોજ કવિ નર્મદની જન્મ જયંતિ નિમિત્તે માતૃભાષા દિનની ઉજવણી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખુબજ ઉલ્લાસભેર કરવામાં આવી હતી.

પ્રેરણા વિદ્યાલય ખાતે કવિવર નર્મદની જન્મ જયંતિની ઉજવણી શાળા ખાતે કરવામાં આવી હતી. જેમાં ક્વિઝ સ્પર્ધા, વાંચન કળાની સ્પર્ધા તેમજ કાવ્યગાન સ્પર્ધા તથા લેખક પરિચય વિશેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ભાગ લીધેલ વિદ્યાર્થીઓમાં કાવ્યગાન સ્પર્ધામાં પ્રથમ નંબર ગોંડલિયા આરતી, દ્વિતિય નંબર પંચાલ રંજન, લેખન પરિચય પ્રથમ વાઘેલા મયુરસિંહ તેમજ દ્વિતિય નંબર ચૌધરી હિંમત, વાંચન કળા સ્પર્ધામાં પ્રથમ નંબર છાયા દર્શક, દ્વિતિય નંબર કલાલ દક્ષા તેમજ તૃતીય નંબર સોલંકી શ્વેતાએ હાંસલ કર્યો હતો. ક્વિઝ સ્પર્ધામાં વિજેતા ટીમ સુન્દરમ રહી હતી. જેમાં ભરવાડ શક્તિ, ટેલર દર્શના, વાઘેલા મયુરસિંહ, ચુડાસમા સંજયસિંહ, ઠાકોર કિંજલ વિજેતા થયા હતા. આ તમામ વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તથા શાળાના આચાર્ય સ્વાતિબા રાઓલ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.



### ગાયત્રી પરિવાર દ્વારા વાસન હાઈસ્કુલમાં સમુહ જન્મદિન ઉજવાયો

ગાયત્રી પરિવાર દ્વારા જુલાઈ ઓગસ્ટ માસમાં શ્રાવણ માસમાં જન્મેલ બાળકોનો જન્મદિવસ ભારતીય સંસ્કૃતિ પરંપરા મુજબ વાસન હાઈસ્કુલના વાસન મુકામે યોજાયેલ હતો. ભુલાઈ જતી સંસ્કૃતિ પશ્ચિમનું અનુકરણ બદલે ભારતીય પરંપરા અને પંડિત રામ શર્મા આચાર્યજીએ દર્શાવેલ દીપપ્રાગટ્ય દ્વારા વિતેલ વર્ષોની ભુલોને સુધારવા નવા વર્ષે દિપ જેવું પ્રકાશિત જીવનનું ઉત્થાન થાય સંસ્કારો, અનુશાસન, આજ્ઞા અનુસાર વડીલોને વંદન સન્માન જેવા સંસ્કારો ઉજાગર કરવા ગાયત્રી પરિવાર દ્વારા માધ્યમિક શાળાઓમાં આ અભ્યાન શરૂ કરેલ છે. જેમાં વલાદવ્યાસના ગુરૂજનોના પુષ્પવૃષ્ટિ આર્શીવાદ બાળકોના મુખ્યવિંદથી સંકલ્પો ઉચ્ચારણ કરવા સંકલ્પ લીધા હતા. આચાર્ય ત્રિવેદી તથા શિક્ષકગણે આભાર વ્યક્ત કર્યો હતો.

# આજે સમર્પણ કોલેજ ખાતે શિક્ષકદિન નિમિત્તે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૪

ગુજરાતના જાણીતા સાહિત્યકાર તથા શિક્ષણવિદ્ ડો. કિશોરસિંહ સોલંકી શિક્ષક દિન નિમિત્તે સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૮ ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦ કલાકે એસેમ્બ્લી હોલમાં 'ઉત્તમ શિક્ષક : મારી નજરે' વિષય પર વ્યાખ્યાન આપશે. પ્રબુદ્ધ નાગરીકોને આ વ્યાખ્યાનનો લાભ લેવા માટે પધારવા સમર્પણ કોલેજના આચાર્યા ડો. ઋચાબેન બ્રહ્મભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દિવ્યજીવન સંઘ દ્વારા મહિલાઓ માટે યોગાસન તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૪

દિવ્ય જીવન સંઘ ગાંધીનગરના કારોબારી સમિતિના સભ્ય તેમજ યોગ અને એક્યુપેશર નિષ્ણાત શ્રીમતી શોભના બહેન મયુરકાન્ત શાહ મહિલાઓ માટેના યોગાસન તાલીમ શિબિર તા. ૧૦મી થી ૨૧ સાપ્ટેમ્બર સુધી ૧૨ દિવસ માટે સાંજે ૫ થી સાડા છ સુધી માત્ર મહિલાઓ માટે જ સંચાલન કરવાના છે. માનદ મંત્રી ભાલચંદ્ર કાજરેકરે જણાવેલલ છે કે સદર શિબિર ગાયત્રી મંદિરના સભાખંડમાં નિ:શુલ્ક થનાર છે. ૨૩૨૨૬૮૬૮ પર સંપર્ક કરવા જણાવેલ છે.



ડોલરના ભાવ વધે છે એટલે મારી આ બચતને ડોલરમાં બદલી આપને...!

# અલવિદા તનાવ અભિયાન અંતર્ગત નિઃશુલ્ક માઈન્ડ રી-પ્રોગ્રામીંગ સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૪

દિવ્ય શક્તિ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા 'અલવિદા તનાવ અભિયાન'ના નિ:શુલ્ક સેમિનારનું આયોજન આગામી તા. ૮ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

શહેરમાં દિવ્ય શક્તિ ઈન્ટર નેશનલ ફાઉન્ડેશન છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. ફાઉન્ડેશન દ્વારા જુદા જુદા યોગ અને ધ્યાનની તાલીમ અને સંશોધન કરવામાં આવે છે. અલવિદા તનાવ અભિયાન હેઠળ પ્રાકૃતિક ટેકનીક વડે માઈન્ડ પાવરનો મહત્તમ ઉપયોગ કરી મેન્ટલી ફીટ રહી શકાય છે. હેલ્થ, વેલ્થ, રિલેશન અને હેપીનેશ જીવનમાં કંઈ રીતે વધુ મેળવી શકાય તે માટે ખાસ ટેકનીકથી માઈન્ડ રિ-પ્રોગ્રામીંગ યોગના નિ:શુલ્ક સેમીનારનું આયોજન આગામી રવિવારે સેક્ટર-૩૦ ખાતેના તાલીમ કેન્દ્રમાં સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ અંગે રસ ધરાવતા ઈચ્છુકોને સંસ્થાના ફાઉન્ડર યોગી બાબાએ અનુરોધ કર્યો છે.

# સોજા હાઈસ્કુલના શિક્ષકની બે-બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા.૪

માણસા તાલુકાના સોલૈયા ગામના વતની અને કલોલ તાલુકાની શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ સોજાના ગણિત વિષયના તજજ્ઞ રાકેશકુમાર હિરાભાઈ પ્રજાપતિની ઈન્ડો-નેપાલ સદભાવના એવોર્ડ અને ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ ફોર એજયુકેશન એન્ડ સોશ્યલ સર્વિસીસ માટે પસંદગી કરવામાં આવી છે. ગ્લોબલ એચિવર્સ ફાઉન્ડેશન, દિલ્હીના ઉપક્રમે આગામી ઓકટોબર માસમાં કાઠમંડુ, નેપાળ ખાતે અને નવેમ્બર માસમાં દુબઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં તેઓને એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવનાર છે. શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે વિશિષ્ઠ યોગદાન આપવા બદલ અગાઉ પણ ત્રણ ત્રણ રાષ્ટ્રીય સ્તરના અને એક આંતરરાષ્ટ્રીય એવોર્ડથી નવાજવામાં આવે છે તેથી સોજા હાઈસ્કુલ પરિવાર તેમજ સોલૈયા ગામ અને સમગ્ર પ્રજાપતિ સમાજને અનેરૂ ગૌરવ બક્ષનાર સારસ્વત રાકેશભાઈને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# ૪૯મી રાજયકક્ષાની નિશાને બાજી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૪

રાજ્યકક્ષાની ૪૯મી ગુજરાત સ્ટેટ શુટીંગ ચેમ્પીયનશીપ કોમ્પીટીશન ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન રાયફલ કલબ, મિલિટરી એજ્યુકેશન કેમ્પસ ખાનપુર અમદાવાદ ખાતે તા. ૧૪ થી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે. જેમાં ગુજરાતના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વિશ્વકક્ષાના રમતવીરો ભાગ લેશે.

ઈન્ટરનેશનલ ઓલમ્પીક એસોસીએશન દ્વારા માન્ય અને ઓલમ્પીક ગન શુટીંગ રમતને ભારત સરકારે અગ્રીમતા ક્રમની રમત જાહેર કરી છે ત્યારે અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની ૪૯મી ગુજરાત સ્ટેટ શુટીંગ ચેમ્પીયનશીપ કોમ્પીટીશન યોજાશે. જેમાં એર વેપન, સ્મોલ બોર, ફાયર આર્મ્સની રાયફલ પિસ્તોલની વિવિધ મેચો યોજાશે. આ રમતમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વિશ્વ કક્ષાના રમતવીરો જોડાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક રમતવીરોએ રહેઠાણ વિસ્તારના જિલ્લા એસોસીએશન દ્વારા પ્રવેશપત્ર મોકલી આપી શકે છે. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તા. ૯ સપ્ટેમ્બર-૨૦૧૩ છે. આ સ્પર્ધા અંગે વધુ માહિતી માટે નરેન્દ્ર ઓઝા ઓનરરી સેક્રેટરી જનરલ અને રાયફલ કલબ સંસ્થા ખાતે પત્ર વ્યવહાર દ્વારા સંપર્ક કરી શકે છે.

# શિક્ષકના ચોકની તાકાત સંવિધાન બદલી શકે છે!!

## મેં ભગવત ગીતા વાંચેલી નથી, વર્ગખંડમાં પેલા કાળા પાટીયા પર સફેદ ચૉકથી તમે જ પણ લખશો એ જ મારા માટે ભગવત ગીતા છે, જય ગુરૂ દેવ!

### બીજા વંદન ગુરૂજી તમને !

સંજય થોરાત

હું એક વિદ્યાર્થી બોલુ છું.

પ્રિય શિક્ષકો,

મેં ભગવત ગીતા વાંચેલી નથી. વર્ગખંડના પેલા કાળા પાટીયા પર સફેદ ચોકથી જે તમે જે પણ લખશો... એ જ મારા માટે ભગવદ ગીતા છે... (Unfortunately માણસ જયારે ભગવદ ગીતા વાંચવાની ઉંમરે પહોંચે છએ, ત્યાં સુદીમાં તેણે કેટલું બધું અણીદાર શીખી લીખેલું હોય છે.... જે સમાજને ફક્ત ખૂચ્યાં જ નહિ, વાગ્યા કરે છે) મારી નિશાળ મારા માટે મંદિર છે અને મારી શાળાના તમામ શિક્ષકો મારા માટે ભગવાન છે.

હવે મુદ્દાની વાત કરૂં.

એક અરજી કરવી છે. એક વિદ્યાર્થીની શિક્ષકો ને અરજી. મને જ્ઞાન આપશો .... વિજ્ઞાન તો હું વાંચી લઇશ. મારે શિક્ષા જોઇએ છે... પરીક્ષા નહીં. શિક્ષક તેના observation માં જ evaluation કરી શકે છે. તેના માટે Paper set કરવાની જરૂર પડતી નથી. વસંત આવવાની હોય ત્યારે કયું વૃક્ષ પરીક્ષા આપે છે? કળીમાંથી ગુલાબ થાય એ પહેલાં... ગુલાબનો છોડ ... એ કળીને... એક પણ સવાલ પૂછતો નથી. ચકલીઓનાં બચ્ચાઓ... માળામાંથી પહેલી વાર ઊડે... એ પહેલાં કઇ entrance આપે છે? અરે, જયાં આકાશ એમને ઉડવાની પ્રેરણા આપતું હોય ત્યારે તેઓ માળામાં ગોંધાઇ રહેતા નથી. તેમને પડવાનો વિચાર સુદ્ધાં આવતો નથી કારણ કે તેઓ આકાશને જુએ છે... જમીનને નહિં

પપ્પા કહે છે... આજની શિક્ષણ પ્રથા સારી નથી, પણ મેં તો શિક્ષણ પ્રથા ને જોઇ જ નથી. મે તો ફક્ત શિક્ષકોને જોયા છે. શિક્ષકો સારા હોય તો શિક્ષણ પ્રથા સારી જ હોય... મને તો એટલી જ સમજ છે.

ડોકટરથી દર્દીની સારવારમાં કોઇ ભૂલ થાય... અને દર્દી મૃત્યુ પામે તો તમે તેને medical negligence કહો છો. તો પછી... શિક્ષકો ભણાવવા જેવી વાતો ભણાવે નહિ અથવા ન ભણાવવા જેવી વાતો ભણાવે તો એને educational negligence કેમ ન કહેવાય? medical negligence થી તો ફક્ત એક વ્યક્તિ મરે છે. educational negligence થી આખો સમાજ મરે છે. તમને મળેલી એ ૩૫ મિનિટ દેશનું ભવિષ્ય બદલી શકે છે. આ વાતની તમને તો ખબર જ હશે ને!

પ્રિય શિક્ષકો... મને માહિતી (Informnation) અને જ્ઞાન (Knowledge) વચ્ચેનો તફાવત ખબર નથી. એ તો તમારે જ સમજાવવો પડશે. પાઠ્ય પુસ્તકો બોલી શકતા નથી. વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં ઝીંદગી કેમ જીવવી એના વિષે તો ઉલ્લેખ જ નથી. સમાજના કોયડાઓ કેમ ઉકેલવા... એવું તો ગણિતમાં એકેય ઉદાહરણ નથી. અમે તો વિદ્યાર્થીઓ છીએ... અમને ઉદાહરણ વગર ન સમજાય. જો ગણિત-વિજ્ઞાનની ચોપટીઓ જ સમાજ ઘડતી હોય તો આ paralysed society ના વિદ્યાર્થીઓને જોવા ન પડત.

ગ્લાસ અડધો ખાલી છે કે ભરેલો ... મારે ફક્ત એ નથી જાણવું. મારે એ પણ જાણવું છે કે ગ્લાસમાંનું અડધું પાણી કયાં ગયું હોઇ શકે? ગ્લાસમાં રહેલા પાણીનું Composition શું છે? ગ્લાસ શેનો બનેલો છે? ગ્લાસનો અને પાણીનો સંબંધ શું?

મારી બાળસહજ નિર્દોષતાનું બાષ્પીભવન કરે... મારે એવો શિક્ષક નથી જોઇતો. જે મારામાં રોજ નવી કુતૂહલતાનું સિંચન કરે છે... માટે એવો શિક્ષક જોઇએ છે. મને જવાબ આપે એવો શિક્ષક મને ન પોસાય. મારામાં જે સવાલો ઊભા કરે... મારે એવો શિક્ષક જોઇએ છે.

જો ૧૮ વર્ષની ઉંમર પછી પુખ્ય થયેલા લોકો (શારીરિક પુખ્તતાની વાત કરૂં છું... માનસિક નહિ) ને મત આપી સરકાર ચુંટવાનો અધિકાર છે... (અરે બુદ્ધિશાળી લોકો... મત આપી આપીને પણ તમે પાંગળી સરકાર જ ચૂંટો છો ને!) તો પછી અમને વિદ્યાર્થીઓને અમારી પસંદના શિક્ષકો ચુંટવાનો કેમ અધિકાર નથી?

૩૫ મિનિટમાં પિરીયડમાં અમારા પર રોજ રોજ શૈક્ષણિક બળાત્કાર થાય... એ આ દેશની સરકારને મંજુર હશે. અમે દેશનું ભવિષ્ય છીએ. દેશના ભવિષ્યને આ મંજુર નથી.

સમાજના માપદંડો મારા ખભ્ભા ઉપર લાદીને... મને અપાહિજ ન બનાવતા. વાલીઓની સાથે સાથે... પ્રિય શિક્ષકો... તમને પણ કહું છું... તમારી જે કંઇ અપેક્ષાઓ છે એ તમારી પાસે જ રાખજો. તમારી અપેક્ષાઓનું મને વજન લાગે છે. મારે દેશ ઊંચકવાનો છે. ખોખલા વિચારો નહીં.

વર્ગખંડમાં પ્રથમ કે દ્વિતીય આવવાના સપનાઓ આપીને... મારી આખોને બગાડશો નહિ. મારી આંખોને ... આંખોમાં સમાય નહિ ... એવા સપનાઓ આપજો. ભારત નિર્માણનું સ્વપ્ન.

નીચે પડવાનો ડર... મને બતાવશો નહી. મને ફક્ત આકાશ બતાવજો. મારે ઉડવું છે. મને તમારી ઝીંદગીની નિશાનીઓનાં Vibrations ભૂલે ચૂકે પણ આપતા નહિ. મારે Positivity જોઇએ છે.

Tooth peste ની Tube માંથી બહાર નીકળેલી tooth peste ને... ફરી પાછી... અંદર નાખવી હોય તો એ વાત અશક્ય કહેવાય. મારે એવું શીખવું નથી. 10 ccની syrings માં ભરી... એ બહાર નીકળેલી tooth peste ને... ફરી પાછી અંદર નાંખી જ શકાય... મારે એવું શીખવું છે. અશક્ય હોય એવી પણ એક પણ શક્યતા ને મારે ઓળખવી નથી. મારે વ્યસ્ત રહેવું છે... ભારત નિર્માણ માં.

શિક્ષકો... તમે મને કરેલી સારી કે ખરાબ દરેક વાત... મને આજીવન યાદ રહેશે. મારી 'મા'નાં ચહેરા પછી હું સતત કોઇનો ચહેરો જોતો હોવ તો એ શિક્ષક નો છે. તમારી વાતો... મારૂં વર્તન નક્કી કરશે. તમારો અભિગમ... મારો પણ અભિગમ બનશે.

પ્રાર્થના કરૂં છું... મારા મમ્મી-પપ્પા એ મને સોંપ્યો છે તમને... એવી ઉંમર માં... જયારે હું વળી શકું છું... કોઇ પણ દિશામાં... ઢળી શકું છું... કોઇ પણ આકારમાં.

પ્રિય શિક્ષકો... તમે માળી છો... ઇશ્વરે ઉગાડેલા બગીચાની તમે કાળજી રાખો છો. એક પણ કળી મુરઝાય નહિ... એનું ઘ્યાન રાખશો ને? ચંપો, ચમેલી, પારિજાતક અને આ બગીચામાં રહેલા દરેક ફૂલ વતી હું એક ગુલાબ આપને વિનંતી કરૂં છું.

મને શિક્ષણનો માર કે દફતરનો ભાર આપશો નહિ. મને દંભીપણાનું આવરણ આપશો નહિ. મને વાતાવરણ આપજો કે જેમાં હું ખીલી શકું.

સત્ય બોલવું સૌથી સહેલું છે. મને એ જ ગમશે. ભારતના સ્વાસ્થ્ય માટે પણ એ જ સારૂં છે.

મારી આંખોમાં આંસુ આવો તો મને ફક્ત રૂમાલ ન આપશો... એ આંસુઓ શું કામ કાવ્યા છે? એનું કારણ પણ શોધવાનો પ્રયત્ન કરશો.

મેં સાંભળ્યું છે... શિક્ષકના શર્ટને કયારેક કોલર નથી હોતા. શિક્ષક ના પેન્ટને ખિસ્સા પણ નથી હોતા જેમાં કશુંક મુકી શકાય. Tuition કરીને શિક્ષક પોતાનું ઘર ચલાવી શકે.. સમાજ નહિ.

શિક્ષકની મુઠ્ઠી કયારેય બંધ નથી હોતી કારણ કે શિક્ષકે કશું જ લેવાનું નથી હોતું. ફક્ત આપવાનું હોય છે. ખુલ્લી હથેળીઓ વાળો હાથ જ શિક્ષકનો હોઇ લેવાનું નથી હોતું. ફક્ત આપવાનું હોય છે. ખુલ્લી હથેળીઓ વાળો હાથ જ શિક્ષકનો હોઇ શકે. નિ:સ્વાર્થ પરોપકારની ભાવના લઇને જનમ્યા હશો, અને ખરેખર ભાગ્યશાળી હશો... તો જ મારા શિક્ષક હશો... કારણ કે એક વિદ્યાર્થી માટે એક શિક્ષક ઇશ્વર છે. ઇશ્વર પોતાની પદ્વી બહુ આસાનીથી કોઇને આપતો નથી. શિક્ષક બન્યા છો તો નક્કી ભાગ્યશાળી જ હશો.

શિક્ષકના ચોકની તાકાત સંવિધાન બદલી શકે છે. દેશની સરહદ પર રહેવા જવાન દેશ બચાવે છે... અને શિક્ષક દેશ બનાવે છે.

પ્રિય શિક્ષકો... તમે દેશનું સૌથી મોટું Investment છો. કાળા પાટીયા પર સફેદ ચોકથી લખતા હાથઆ દેશનો ઇતિહાસ ફક્ત સમજાવી જ નહિ... બનાવી શકે છે.

સમાજવિદ્યામાં આવતો ઇતિહાસ બદલી શકાય... વિદ્યાર્થીઓ તૈયાર છે... ઇતિહાસ બદલવા. શિક્ષકો તૈયાર છે?

શિક્ષક દિને નિ:સ્વાર્થ ભાવે ભારત નિર્માણ માટે વિદ્યાર્થીઓ તૈયાર કરતાં તમામ શિક્ષકોને કોટી કોટી વંદન...

(ડો. નિમિત-મારામાં રહેલી શ્રી દક્ષિણામૂર્તિમાંથી સાભાર)